ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૮-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

હુરિયા બોલાવવા તે રાજકીય અવિવેક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પદભાર સંભાળ્યા પછી હવે પદ્ધતિસરના જાહેર કાર્યક્રમોમાં જવાનું શરૂ કર્યું છે. આગામી મહિનાઓમાં આવનારી ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણીને નજરમાં રાખીને એમાં આગોતરી જીત મેળવવાના આયોજન સ્વરૂપે યોજાતા આવા કાર્યક્રમો સરકારના નેજા હેઠળ આ કે તે વિકાસ યોજનાના ખાતમુર્હૂત કે લોકાર્પણ નિમિત્તે યોજાતી હોય છે પરંતુ સૌ સમજે છે કે એની પાછળ મૂળ ઉદ્દેશ તો જે રાજયોમાં ભાજપની સરકાર નથી ત્યાં ભાજપને સત્તાસ્થાને આરૂઢ થઈ ગયા છે. એમની હાજરી જ પાર્ટીને માટે સંજીવનીરૂપ નીવડી શકે. આથી ભાજપનાં પ્રદેશ એકમો પણ વડાપ્રધાનની સભામાં શક્ય એટલી વધુ મેદની એકઠી કરવા મથે છે. મોદીનો રાજકીય 'ઇગો' પરાકાષ્ઠાએ છે. તેઓ પેટા ચૂંટણીમાં તો ડોકીયું સુદ્ધાં નહીં કરે. બિહારમાં તાજેતરમાં યોજાયેલ દસ વિધાનસભા બેઠકોની ચૂંટણી ભાજપ માટે ખૂબ અગત્યની હોવા છતાં મોદીએ કોઇને પ્રચારમાં બોલાવવાની હિંમત નથી કરી તે સૂચક છે. પરંતુ હરિયાણા, ઝારખંડ વગેરે રાજયોમાં તેઓ આયોજનપૂર્વક વિકાસ કાર્યક્રમોના બહાના હેઠળ પહોંચી ગયા અને ત્યાંના પ્રદેશ એકમોએ એમને એટલા જ ઉમળકાપૂર્વક ઝીલ્યા. હરિયાણામાં દસ વર્ષથી હુડા સરકાર છે, હવે એની સામે કેટલાક વિરોધી સૂરો પણ ઊઠી રહ્યા છે. કોંગ્રેસના જ વરિષ્ઠ નેતાઓને હુડાની કાર્યપદ્ધતિ સામે વાંધાવચકા હતા, પરંતુ હાઇકમાન્ડ એનો કોઇ કારગત ઇલાજ કરી શક્યું નહીં. આથી નારાજ નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપનો ભગવો ખેસ પહેરવા લાગ્યા છે. છેલ્લું ઉદાહરણ વીરેન્દ્રસિંહનું છે, જેમને હુડા વિરૂદ્ધ રીતસરનો મોરચો જ માંડેલો હતો. કું શૈલજા પણ હુડાની વિરોધી છાવણીમાં છે. આ બધી પરિસ્થિતિનો લાભ લઇ ભાજપના વિચક્ષણ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જયાં જયાં મોદી જાય ત્યાં એમનું ભવ્ય સ્વાગત થાય, એમના નામના જયકારા બોલાવાય અને વિપક્ષના સ્થાનિક મુખ્યમંત્રીનો હુરિયો બોલાવાય એવું પદ્ધતિસરનું આયોજન કરાવી રહ્યા હોય એમ લાગે છે. પરંતુ લોકસભામાં કયારેક ભાજપની બે જ બેઠકો આવેલી તે એના ઉછાંછળા નેતાઓ અને કાર્યકરો કેમ ભૂલી જાય છે? મોદી વડાપ્રધાન તરીકે સરકારી કાર્યક્રમમાં આવ્યા હોય ત્યારે તેઓ પાર્ટીના નહીં પરંતુ દેશનાં નેતા છે. એમની સાથે બેઠેલા વિપક્ષના મુખ્યમંત્રીનું ગૌરવ સચવાય તે જોવાની એમની નૈતિક જવાબદારી છે. હરિયાણામાં હુડાનો હુરિયો બોલાવાયો તેથી નારાજ થઇને હુડાએ જાહેર કર્યું કે હવે પછી પોતે વડાપ્રધાનના કાર્યક્રમમાં પોતે હાજરી નહીં આપે. હુડાએ ધાર્યું હોત તો એમના કોંગ્રસી કાર્યકરો અને ખેડૂત આગેવાનો મારફત કાળા વાવટા બતાવી શક્યા હોત બલકે વડાપ્રધાનનો હુરિયો બોલાવી શક્યા હોત. એ તો હરિયાણાના જાટ છે, ધારે તો હુમલો પણ કરાવી શકે એમ હતા. પરંતુ એક 'ખાનદાન' નેતાને છાતે જે રીતે એમણે દેખાવો કરવા માગતા ખેડૂતોની ધરપકડ કરાવી વડાપ્રધાનના કાર્યક્રમને હેમખેમ પાર પાડવાની કોશિશ કરી હતી. એમનો પોતાનો જ હુરિયો બોલાવાયો, એથી સ્વાભાવિક રીતે જ આ કામ ભાજપની નેતાગીરીના ઇશારે થયું છે, એમાં બે મત નથી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણને આવા હૂટિંગની ગંધ આવી જતાં નાગપુરના મેટ્રોરેલ થતા વીજમથકના ઉદ્ઘાટન જેવા કલ્યાણકારી કાર્યક્રમમાં તેઓ ગેરહાજર રહ્યા, એટલું જ નહીં, પ્રોટોકોલની ઐસી-તૈસી કરીને પોતે કે રાજયપાલ મોદીને એરપોર્ટ પર રિસીવ કરવા સુદ્ધાં ન પહોંચ્યા. ચૂંટાયેલા વડાપ્રધાન માટે આથી મોટું અપમાન કયું હોઇ શકે? પરંતુ એ માટે જવાબદાર ખુદ વિજયના તોરમાં બેફામ થઇ ગયેલ ભાજપના આગેવાનો જ ગણાય. પછી ભલે તેઓ આ તો પ્રજાની જ નારાજગીનો પડઘો છે, એમ કહી ગૌરવ લેતા ફરે. ઝારખંડમાં આવો જ હુરિયો બોલાવાયો જેને વડાપ્રધાનને આગોતરી ચેતવણી અપાયેલ હોવા છતાં તેઓ રોકી નહોતા શક્યા. યુવાન આદિવાસી મુખ્યમંત્રી હેમંત સોરેન અગાઉથી ખાતરી માગી હતી કે હરિયાણાની ઘટનાનું રાંચીમાં પુનરાવર્તન ન થવું જોઇએ. પરંતુ એ થઇને જ રહ્યું એથી સોરેને અને ઝારખંડ મુક્તિ મોરચાએ મોદીના મંત્રીઓનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો અને પૂતળું પણ બાળ્યું. કયારેક વધુ પડતાં ઉત્સાહમાં આ પ્રકારના હુરિયા બોલાવવાથી અવળા પ્રત્યાઘાત પણ પડી શકે, બલકે એ ભારે પડી જાય, એટલી સાદી સમજણ ભાજપની નાદાન નેતાગીરીને નથી.





નરેન્દ્ર મોદીની શીખને પચાવી સફળતા મેળવી

સમયનો વધુમાં વધુ ઉપયોગ, સારો ઉપયોગ અને સહેતુક ઉપયોગ કરવાથી જીવન સમયની સાથે ચાલે તેવી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની 'શીખ'ને ગાંઠે બાંધી ગાંધીનગરની એક દિકરી કુ. પ્રિયંકાએ સમયનો એવો ઉપયોગ કર્યો કે તેણીએ ચાલુ વર્ષે કરમસદની મેડિકલ કોલેજના એમ.બી.બી.એસ. કોર્સ માટેની સીટ ૮૪.૧૪ ટકા માર્કસ સાથે સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. વર્ષ ૨૦૦૭માં નરેન્દ્રમોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ડૉ. સુકેતુ શાહ અને ડૉ. સીમા શાહની પુત્રી કુ. પ્રિયંકાને એક મુલાકાતમાં આ શીખ પોતાના સ્વહસ્તે લખી આપી હતી અને તેણીએ અક્ષરશઃ અમલ કરીને ઉત્કૃષ્ઠ પરિણામ હાંસલ કર્યું છે. કુ. પ્રિયંકા શાહ ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ હાસ્ય લેખક ચિત્રસેન શાહ અને લીલાવતી બહેન શાહના પૌત્રી છે.

આજે જલારામ સમાજનો વિદ્યાપુરસ્કાર સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૨૯ જલારામ સેવા સમાજ દ્વારા તા. ૨૪ ઓગસ્ટ, રવિવાર, બપોરે ૨.૩૦ વાગે વર્ષ ૧૪નો વિદ્યાપુરસ્કાર સમારોહ યોજાશે. સમારોહમાં સમાજના સર્વે સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવુ.

રાંધેજા-અડાલજ વિભાગની એથ્લેટીક સ્પર્ધામાં બાલવાની શાળાનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમા રાંધેજા-અડાલજ વિભાગની એથ્લેટીક સ્પર્ધા બાલવા ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ અંડર-૧૪, ૧૭, અને ૧૯ ગ્રુપની સ્પર્ધામાં વિજેતા બન્યા હતા. જેમાં અંડર-૧૪ ભાઈઓમાં નરેશ પટેલ ૧૦૦ મી. ૪૦૦ મી. લાંબી કૂદમાં પ્રથમ, મિહિર ચૌધરી ૬૦૦ મી. બીજો અને ઉંચીકૂદમાં તૃતીય, આયુષ ચૌધરી ગોળા ફેંકમાં બીજો, કરણ ભાટી ચક ફેંકમાં પ્રથમ આવ્યો હતો. અંડર-૧૭માં રાહુલ રાવળ લંગડી ફાળ કૂદમાં પ્રથમ, સંજય ઠાકોર ગોળા ફેંકમાં પ્રથમ અને હથોડા ફેંકમાં બીજો, દિવ્યાંગ ચૌધરી બરછી ફેંકમાં પ્રથમ, અજય ભાટી ૩૦૦૦મી. ઝલક ચાલમાં પ્રથમ, ૩૦૦૦ મીટર દોડમાં ત્રીજો, રૂચિન ચૌધરી ચકફેંકમાં બીજો, જયપાલ ભાટી ઉંચીકૂદમાં બીજો, કિરીટ ભાટી લાંબી કૂદમાં બીજો અને ૧૦૦ મી. ત્રીજો, જયમીન ચૌધરી ૮૦૦ મી. ત્રીજો અને વિરેન્દ્રભાટી ૧૫૦૦ મી. ત્રીજો નંબર મેળવ્યો હતો.

તેમજ અંડર-૧૯ ભાઈઓમાં અક્ષય ચૌધરીએ લાંબીકૂદ, ઊંચીકૂદ, લંગડી ફાળ કૂદમાં પ્રથમ, સાવન ચૌધરી ચકફેંકમાં પ્રથમ, જયદીપ પ્રજાપતિ હથોડા ફેંકમાં પ્રથમ અને ગોળા ફેંકમાં બીજો, હાર્દિક ભાટી બરછી ફેંકમાં પ્રથમ, વિપુલ ઠાકોર ૧૧૦ મી. વિઘ્ન દોડમાં પ્રથમ, નરેશ ઠાકોર ૫૦૦૦ મી. દોડમાં બીજો, અનિલ ઠાકોર ૨૦૦ મી. બીજો, મહિપાલ ભાટી ૮૦૦ મી. ત્રીજો, અવિનાશ ચૌધરી ૧૫૦૦ મી. ત્રીજો, ગીરીશ આમલિયાર ૪૦૦ મી. વિઘ્નદોડમાં બીજો નંબર મેળવ્યો હતો. તમામ ખેલાડીઓને વ્યાયામ શિક્ષક શૈલેષ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. આચાર્ય અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

હેન્ડબોલ સ્પર્ધામાં એસ.જી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની રાજયકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. પ્રાથમિક શાળાના બે ખેલાડીઓ તાજેતરમાં રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. શાળા પરિવારે તેઓને અભિનંદન પાઠવ્યા છે.

એસ.જી. પ્રાથમિક શાળાના પાર્થ થોરાત અને જય ગોસ્વામીએ તાજેતરમાં તાલુકા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ખુબ જ સારું પ્રદર્શન કર્યું હતું. તેમની હેન્ડબોલ સ્પર્ધામાં સારી રમતને ધ્યાનમાં રાખીને રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી કરવામાં આવી છે. શાળાના આચાર્યા અને શાળા પરિવારે બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

હરિની દૃષ્ટિ...

ડોક્ટર સાહેબ, આ દિવસોમાં પંખા નીચે બેસું છું તો પરસેવો થાય છે, એ.સી. ચાલુ કરું તો ઠંડી લાગે છે, બહાર નીકળું તો ગભરામણ થાય છે.. તો તમારી ગોળી ખાઉં તો 'અચ્છે દિન' આવશે..??

જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. જર્મન ગ્રાંડ પ્રીક્સ-૨૦૧૪ કયા ખેલાડીએ જીતી હતી?
➜ **નીકો રોસેબર્ગ**

૨. ૨૦૧૪માં ભારતની મુલાકાતે આવેલા 'જિમ યોગ કિમ' કઇ બેંકના અધ્યક્ષ છે?
➜ **વિશ્વ બેંક**

૩. ગ્લોબલ ઇનોવેશન સૂચકાંક-૨૦૧૪માં ભારતનું સ્થાન કેટલામું છે?
➜ **૭૬મું**

૪. ૨૦૧૪માં બિઝનેશ-૨૦ (બી-૨૦) શિખર સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?
➜ **સિડ્ની**

૫. ૨૦૧૪માં કયા દેશને ફિફાની વિશ્વ રેકિંગમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે?
➜ **જર્મની**

૬. ૨૦૧૪માં કયા દેશના યાત્રી વિમાનને પૂર્વી યુક્રેનની હદમાં તોડી પાડવામાં આવ્યું?
➜ **મલેશિયા**

૭. ૨૦૧૪માં કયો દેશ ૧૦ વર્ષની ઉંમરથી બાળ મજૂરી કાયદાને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો?
➜ **બોલિવિયા**

૮. ૨૦૧૪માં કયા દેશે ગાઝા પટ્ટીમાં શાંતિ માટે મધ્યસ્થા કરી હતી?
➜ **મિશ્ર**

૯. ૨૦૧૪ લૌરેસ વિશ્વ ખેલ અકાદમીમાં કયા પૂર્વ ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે?
➜ **રાહુલ દ્રવિડ**

૧૦. ૭મું બ્રિક્સ સંમેલન કયા શહેરમાં યોજાશે?
➜ **ઉફા (રશિયા)**

૧૧. ૨૦૧૪માં ફિલિપીન્સમાં કયા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી?
➜ **ટાયફૂન રામ્મસૂન**

૧૨. ૨૦૧૪ બ્રિક્સ દેશોએ કેટલા નાણાંની વિકાસ બેંક સ્થાપવાનું નક્કી કર્યું છે?
➜ **૧૦૦ બિલિયન ડોલર**

૧૩. બ્રિક્સ બેંકની સ્થાપના કયા દેશમાં કરવામાં આવશે?
➜ **શાંઘાઇ, ચીન**

૧૪. ૨૦૧૪માં ભારે ચર્ચામાં રહેલ 'હમાસ' નામના સંગઠનનો સંબંધ કયા દેશ સાથે છે?
➜ **ફિલિસ્થીન (પેલેસ્ટાઇન)**

૧૫. ૨૦૧૪ બ્રિક્સ સંમેલનનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું?
➜ **ફોર્ટલેજા (બ્રાઝીલ)**

૧૬. ૨૦૧૪માં બ્રાઝીલમાં આયોજીત બ્રિક્સ સંમેલન કેટલામું સમેલન હતું?
➜ **છઠ્ઠું**

૧૭. યુરોપિયન કમિશનના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **જેન કલોર્ડ જુનકેર**

૧૮. ૨૦૧૪માં બ્રિટનની પ્રતિષ્ઠિત બર્મિંગહામ યુનિવર્સિટીના કુલપતિ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **કરણ બીલીમોરીયા**

૧૯. ૨૦૧૪માં ફિનલેન્ડની ટેલિફોન ઉપકરણ બનાવતી અગ્રણી કંપની નોકિયાના અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી?
➜ **રાજીવ સુરી**

૨૦. ૨૦૧૪માં ઇંગ્લેન્ડના ઇસ્ટ મિડલેન્સમાં ઇરેવાસ શહેરના મેયર તરીકે ભારતમાં જન્મેલા કયા વેપારીની નિયુકિત કરવામાં આવી છે?

હેન્ડસેટ-હેન્ડસેટ ઝગડે, ને કસ્ટમરમાં હાથમાં લાડવો!!!



વિગેરે...વિગેરે...
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

માર્ચ ૨૦૧૪માં એટલે કે આજથી લગભગ પાંચેક મહિના પહેલા માર્કેટમાં મુકાયેલો સેમસંગનો બેસ્ટ અને ગેલેક્સી સીરીઝનો લેટેસ્ટ સ્માર્ટફોન સેમસંગ ગેલેક્સી એસ-૫ ની પ્રારંભિક કીમત હતી ૫૧,૫૦૦ રૂપિયા અને આજે પાચ જ મહિનામાં બજારમાં મળતા બધા જ એન્ડરોઈડ સ્માર્ટફોનમાં સૌથી બેસ્ટ આ ફોનની કીમત છે ફક્ત ૩૫,૦૦૦ રૂપિયાની આસપાસ, મતલબ કે પાંચ મહિનામાં અંદાજે રૂપિયા ૧૫૦૦૦નું ગાબડું અને ઈ-બે ઈન્ડિયા ઓનલાઈન શોપિંગ સાઈટ પર તો આજનો ભાવ ૩૩૦૦૦ આસપાસ બતાવે છે.... સેમસંગ પોતાના બેસ્ટ ફોનની કીમત આટલી બધી ઘટાડી દે તો પછી એની હરીફ એપલ કેવી રીતે બાકી રહી જાય? એપલનો ગયા નવેમ્બરમાં રૂપિયા ૫૩,૫૦૦માં (૧૬ જીબી) લોન્ચ થયેલો લેટેસ્ટ ફોન ૫-એસ ની કીમત ગગડીને અત્યારે ૪૩૦૦૦ની આસપાસ આવી ગઈ છે અને ફ્લીપકાર્ટ જેવી ઓનલાઈન શોપિંગ સાઈટ પર તો આજે આ લખાય છે ત્યારે (શુક્રવારે) ૩૮૫૦૦નાં ભાવમાં નવો એપલ ૫-એસ ઉપલબ્ધ છે અને એ પણ હઝેથી....જો કે બંને હેન્ડસેટ્સ જે તે કમ્પનીની વેબસાઈટ પર તો હજુયે લોન્ચિંગ વખતના ભાવની આસપાસના ભાવે જ વેચાય છે. સેમસંગે તો બાકાયદા પ્રેસ રીલીઝ કરીને જાહેર કરેલું કે અમે કોઈ ભાવ ઘટાડ્યા નથી પણ ઈ-શોપિંગ સાઈટ અને રીટેલર્સ ઘટાડેલા ભાવે ધમધોકાર વેચાણ કરી જ રહ્યા છે!!!

એવું નથી કે ખાલી એપલ કે સેમસંગને જ આ ભાવ ઘટાડાનો ડામ લાગ્યો છે પણ મોબાઈલ જગતના બીજા નાના મોટા ખેરખાઓ પણ લગભગ આ જ રસ્તે ચાલી નીકળ્યા છે. એચટીસીનો એચટીસી-વન ૫૦૦૦૦ની આસપાસ બજારમાં આવેલો પણ આજે એ ૪૧૦૦૦ની આસપાસ મળે છે એ જ રીતે મોડે મોડે પણ કાઠું કાઢતો થયેલો સોનીનો એક્સ્પેરીયા ઝેડ-ટુ પણ ૫૦૦૦૦ થી ખસતો ખસતો ૪૪૦૦૦ જેવી કીમત સુધી પહોચી ગયો છે. એપલ નું આઈ પેડ મીની - ૨ પણ ૫૬૦૦૦ થી ૫૦૦૦૦ આસપાસ આવી ગયું છે તો માઈક્રોમેક્ષ, લાવા કે સ્પાઈસ જેવી નાની કમ્પનીઓના હેન્ડસેટનાં ભાવમાં પણ નોંધપાત્ર ગિરાવટ જોવા મળતી થઈ છે અને ભાવ ના આ અચાનક ભૂસ્કાની આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવી એક વાત એ છે કે આ બધા જ ખેરખાઓ આઈ મીન મોબાઈલો હજુ હમણાં હમણાં જ રીલીઝ થયા છે અને આટલી ઝડપથી લોન્ચિંગ પ્રાઈઝથી પણ કેટલાય નીચા ભાવે બજારમાં મળવા માંડ્યા છે. બધા ને યાદ હશે કે નોકીયાનો જયારે સિતારો મોબાઈલ જગતમાં ચમકતો હતો ત્યારે નોકિયાનાં હેન્ડસેટનાં ભાવ લોન્ચ થયા પછી ઘણા લાંબા સમય પછી જ થોડા ઘણા અંશે ઘટતા જોવા મળતા હતા અને બિલકુલ એવું જ સેમસંગ કે મોટોરોલા અને પાછળથી બ્લેકબેરીનાં કિસ્સામાં પણ જોવા મળેલું કે જયાં સુધી એક મોડેલનો કસ નાં નીકળી જાય અથવા તો કોઈ મોડેલ સફળ અને લોકપ્રિય બની જાય અને એનું વેચાણ કુદકે ને ભૂસકે વધતું જણાય તો મોબાઈલ કમ્પનીઓ એના ભાવમાં બિલકુલ ઘટાડો કરતી નહોતી, ઈનફેક્ટ નોકિયાના અમુક મોડલનાં કેસમાં તો ભાવ વધ્યાના પણ દાખલાઓ મોજુદ છે. તો પછી અચાનક મોબાઈલ કંપનીઓ રૂપી કાગડાઓ રામ ક્યાંથી બોલવા માંડ્યા??? બહોત કઠીન (નહિ) હૈ યહ પ્રશ્ન ભૈયા...

મૂળ લડાઈ તો છે મોબાઈલ બનાવનારી અને લગભગ ૯૦% જેટલો હેન્ડસેટ બજારનો હિસ્સો કબજે કરનારી કંપનીઓ સેમસંગ અને એપલની, પણ એ બંનેની લડાઈમાં ફાયદો કસ્ટમરને થઈ રહ્યો છે. અસલમાં સેમસંગની આ નીતિ રહી છે કે જયારે પણ એ કોઈ નવું મોડેલ બજારમાં મુકવાની તૈયારી કરી રહ્યું હોય છે ત્યારે એના અગાઉ એ જ સીરીઝનાં બીજા મોડલોની કીમતમાં ઘટાડો કરે છે. જેમ કે ગેલેક્સી એસ-૫ પહેલા ગેલેક્સી એસ-૪ અને એસ-૩ નાં ભાવમાં ધરખમ ઘટાડો નોંધાયેલો અને એજ રીતે નોટ સીરીઝનાં દરેક નવા મોડલ લોન્ચ થતી વખતે થયું જ છે. બીજું કે સેમસંગની પ્રોડક્ટ રેન્જ એટલી બધી વિશાળ છે કે અંદાજે ૨૦૦૦થી ૫૦૦૦નાં ભાવફેર ગાળામાં ગ્રાહકને ઓછામાં ઓછા ૭ થી ૧૦ મોડેલો જોવા મળે અથવા તો પસંદગી કરવા મળે. જયારે એપલની બાબતમાં એવું નથી કેમ કે એની પ્રોડક્ટ રેન્જ સીમિત છે અથવા તો એમ કહો ને કે છેલ્લે રિલીજ થયેલ આઈફોન ૫ સુધી તો ફક્ત એક જ મોડલ રીલીઝ થતું હતું, ગયા વખતે પહેલી વાર ૫-એસ્ અને ૫-સી એમ બે મોડેલો એપલે બજારમાં ઉતાર્યા.

મોબાઈલની કીમતોમાં અચાનક અને માનવામાં નાં આવે એવા ઘટાડાના કારણો પણ એટલા જ રસપ્રદ છે. શરૂઆત સેમસંગથી કરીએ. સેમસંગનો લેટેસ્ટ સ્માર્ટ ફોન એસ-૫ ને ભારતીય બજારમાં જોઈએ એટલો આવકાર નથી મળ્યો એ હકીકત છે. કદાચ એનું કારણ એક એ પણ હોઈ શકે કે સેમસંગ ધીરેધીરે લો-એન્ડ થી ભાવની બાબતમાં હાઈ-એન્ડ તરફ સરકતી ગઈ. જનરલી સેમસંગનાં મોબાઈલ્સમાં આટલી જલ્દી ભાવઘટાડો નોંધાતો નથી પણ સેમસંગના હેન્ડસેટ્સમાં ભાવ ઘટાડાનું બીજું એક કારણ એ પણ છે કે એપલનો નવો આઈફોન (જેનું સંભવિત નામ આઈફોન-૬ હોઈ શકે છે) બહુ જ જલ્દી એટલે કે ૯ સપ્ટેમ્બરની આસપાસ રીલીઝ થવા જઈ રહ્યો છે અને મોબાઈલ વિશ્વમાં સેમસંગ અને એપલની ધંધાકીય દુશ્મની ખુબ જાણીતી છે. અને જો સેમસંગે આઈફોનનાં સંભવિત પડકારને ડામવો હોય તો એના એસ-૫ ની કીમત ઘટાડવી જ પડે અને એ બહાને બંને હેન્ડસેટ વચ્ચે કીમતનો એક ગેપ થાય કે જે ગ્રાહકને બીજી વાર વિચારવા મજબુર કરી મુકે એવી ગણતરી સેમસંગની દેખાઈ રહી છે. એક અનુમાન અને એપલનાં આઈફોનને ફોલો કરતા નિષ્ણાતોના મત મુજબ નવો આઈફોન લગભગ ૫૩૦૦૦ની આસપાસનાં ભાવે લોન્ચ થઈ શકે છે. હવે તમને એપલ આઈફોન ૫-એસ નાં ભાવ ઘટાડાનું કારણ મળી જશે. જો કે આ બંને ની લડાઈમાં ફાયદો તો ગ્રાહક ને જ થઈ રહ્યો છે.

આઈફોન ૫-એસ નાં ભાવ ઘટવા પાછળ એક કારણ એ પણ જણાવાય રહ્યું છે કે જો સેમસંગ અને બીજી કંપનીઓની માર્કેટમાં વધતી જતી પકડને ઓછી કરવી હોય તો બહુ ઉંચા નહિ પણ આ બધી કમ્પ્નીઓના મોબાઈલનાં ભાવની આસપાસના ભાવે નવો આઈફોન રજુ કરવો જોઈએ. હવે જો ૫૩૦૦૦ની આસપાસ આઈફોન-૬ ને લોન્ચ કરવો હોય તો સ્વાભાવિક છે કે ૫-એસનાં ભાવ એનાથી ઘણા ઓછા કરવા પડે અને એક્જેટલી એપલ એ જ કરી રહ્યું છે ભલે ને ઓફિસિયલ સાઈટ પર ૫૧૦૦૦ ભાવ હોય પણ ડીલરો અને રિટેલરો પોતાને મળતા કમિશનોમાં કાપ મુકીને ૫-એસનો સ્ટોક ખત્મ કરવામાં મચી પડ્યા છે કે જેથી આઈફોન-૬ આવતા પહેલા સ્ટોક પણ ક્લીયર થાય અને એ બહાને સેમસંગ જેવી કમ્પ્નીઓના માર્કેટ શેરમાં પણ ભાગ પડાવી શકાય અને નવા આઈફોનનો ભાવ પણ આગલા મોડલથી સલામત અંતરે રાખી શકાય અને બીજું કે હરીફોને એની જ ચાલથી માત પણ કરી શકાય કેમકે સેમસંગ, સોની અને બીજી કંપનીઓ એપ્લથી ઓછા ભાવે વેચાણ કરીને જ માર્કેટ શેરમાં તગડો ભાગ ધરાવતી થઈ છે.

આઈફોનની બાબતમાં એમ કહેવાય છે કે એના ભાવમાં લગભગ ક્યારેય આસમાન જમીન જેટલો ઘટાડો જોવા મળતો નથી અને અત્યાર સુધીનો એપલનો ટ્રેક રેકર્ડ પણ રહ્યો છે કે ભલે નવા મોડેલ આવે તો પણ જુના થઈ ગયેલા મોડેલોનાં ભાવમાં એકદમ ગિરાવટ નથી થતી એનું કારણ એ પણ છે કે એક તો એપલની મર્યાદિત પ્રોડક્ટ રેન્જ છે અને બીજું કે એનો ચાહક વર્ગ એપલને સમ્પૂર્ણપણે વફાદાર છે. પણ બધા પ્રયત્નો છતાં પણ છેલ્લા થોડા વર્ષોમાં એન્ડ્રોઈડ ઓપરેટીગ ધરાવતા સ્માર્ટફોનોનાં વધતા જતા પ્રભાવની અસરમાં આઈફોનનો માર્કેટ શેર ખાસ કઈ વધ્યો નથી. માર્કેટ રીસર્ચ કરતી સ્ત્રેટ્રજી એનાલીટીક્સનાં આંકડાઓ મુજબ ૨૦૧૪ના બીજા ક્વાટર સુધીમાં એન્ડ્રોઈડનો માર્કેટ શેર ૮૦% છે જયારે એપલનો ૧૪% અને અન્ય બાકીના ૬%માં છે. (અહી એન્ડ્રોઈડ એટલે ખાલી સેમસંગ નહિ પણ એન્ડ્રોઈડ ઓપરેટીગ સિસ્ટમ ધરાવતા બધા જ હેન્ડસેટ ગણવા) એપલ માટે આ ચિંતાજનક છે. ભલે ને વિશ્વની એ શ્રેષ્ઠ મોબાઈલ ઉત્પાદક કમ્પની હોય પણ હકીકત એ છે કે માર્કેટમાં એનો શેર બહુ ઓછો છે એટલે જ જો આવનારા આઈફોનનાં લીક થયેલા અહેવાલો સાચા માનીએ તો આઈફોન - ૬ ની સ્ક્રીન એપલ પરંપરાગત ૪ ઈંચથી વિપરીત ૪.૭ અને ૫.૫ ઈંચ ની મોટી સ્ક્રીન વાળા આઈફોન સાથે બજારમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે. મોડે મોડે પણ એપ્લે લીધેલો આ નિર્ણય ઉપભોક્તાઓ માટે આનંદના સમાચાર છે કેમકે એપલની નાની સ્ક્રીન, થોડી અટપટી ઓપરેટીગ સિસ્ટમ અને વધુ ભાવ નાં લીધે આ લખનાર જેવા ઘણા ગ્રાહકો છે કે જેઓ એપલની જગ્યાએ સેમસંગ કે બીજા એન્ડ્રોઈડ ફોનો તરફ વળી ચુક્યા છે અને એ લોકોનું એપલથી દુર જવાનું એક કારણ નાની સ્ક્રીન પણ છે જ. આ ઉપરાંત બીજા ફોનો માં મેમરી વધુ મળે છે જયારે એપલના ફોન એક ચોક્કસ મેમરી સાથે આવે છે પણ સમાચારો મુજબ આવનારા આઈફોનમાં ૧૬ જીબીનો ઓપ્શન જ કાઢી નખાયેલ છે અને ૩૨ જીબી મીનીમમ સ્ટોરેજ હોઈ શકે છે જે પણ સરવાળે તો ગ્રાહકનાં ફાયદામાં જ છે. જો લીક થયેલા અહેવાલોને સાચા માનીએ તો આગામી આઈફોન વધુ યુઝર ફ્રેન્ડલી હશે અને એપ્લને આશા છે કે મોટી સ્ક્રીન અને વધુ સરળ નવી ઓપરેટીગ સિસ્ટમ અઈઓએસ-૮ વડે એ એન્ડ્રોઈડનાં ગઢમાં થોડા ઘણા ગાબડા તો પાડી શકશે કેમકે એપલનો ઈરાદો એના વફાદાર ગ્રાહકો સાચવવાનો તો છે જ પણ બીજા નવા ગ્રાહકો પણ ખેચવાનો છે અને આવેલા અહેવાલો જો સાચા નીવડે તો ચોક્કસપણે એપલનો માર્કેટ શેર ૧૪% થી વધશે જ એ ચોક્કસ છે.

એપલ, સેમસંગ કે સોની અને બીજા મોબાઈલ ઉત્પાદકોના ભાવઘટાડા પાછળનું બીજું એક કારણ છે નોન-બ્રાન્ડેડ મોબાઈલ્સનાં વેચાણમાં થયેલો ધરખમ વધારો. આને સમજવા માટે જુવો ગ્લોબલ માર્કેટશેરનાં ૨૦૧૪ના બીજા ક્વાર્ટર સાથે ૨૦૧૩નાં આંકડાઓની સરખામણી. કૌસમાં છે એ ૨૦૧૩ નાં આકડાઓ છે - સેમસંગ ૨૫% (૩૨%), એપલ ૧૨% (૧૩%), હુવેઈ ૫% (૭%), ઝીઓમી ૬% (૧%) અન્ય ૪૦% (૩૨%). આકડાઓ પરથી જ સમજી ગયા હશો કે ટોચની બંને બ્રાન્ડ સેમસંગ અને એપલને ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સારો એવો માર પડેલ છે. આ બધી કંપનીઓમાં ઉડીને આખે વળગે એવી એક કમ્પની છે ચાઈનીઝ ઉત્પાદક ઝીઓમી. વિશ્વની પાંચમી શ્રેષ્ઠ

● અનુસંધાન પાન-૬ પર